સંવત ૨૦૭૫નું રાશિવાર ભવિષ્ય

વ્યવસાયિક મુસાફરી પ્રગતિકારક નિવડે. સટ્ટાકીય પ્રવૃત્તિથી સંભાળવું. મહત્વના કાર્યો માટેની સાનુકૂળ તકો મળે. તમને પુરુષાર્થનું યોગ્ય ફળ મળતું જણાય. નોકરિયાત વર્ગને બઢતી અંગેના કાર્યો સારા થાય. સંતાનોની પ્રગતિ સારી થાય. આર્થિક ક્ષેત્રે પરિવર્તનની અવનવી તકો આવે. કુટુંબવૃદ્ધિના યોગ બને. ભાગ્યવૃદ્ધિની અનેક યોજનાઓ સફળ થતી જણાય. શારીરિક સુખાકારી સારી રહે. સાહસિક કાર્યોમાં સફળતા સારી મળે.

તા. ૨૯-૩-૨૦૧૯થી ગુરૂ તમારા છઠ્ઠા રોગ-શત્રુ સ્થાને આવશે અહીં તે અનુકૂળ નથી. આરોગ્ય અંગેની નાની-મોટી તકલીફો રહે. આર્થિક તકલીફો રહ્યા કરે. તમારામાં સ્વાર્થવૃત્તિ વધતી જણાય. ભાગીદારીના વ્યવસાયિકોને અંદરઅંદર ઘર્ષણ થાય. વ્યવસાયિક મુસાફરી કષ્ટદાયી નિવડે. અહીં પ્રાપ્તિની પૂર્ણતાનો આધાર તમારા નિર્ણયની મજબૂતી પર છે. બ્લડપ્રેશર કે હાર્ટની તકલીફવાળાએ સંભાળવું. બેદરકારીના કારણે તમે ઘણું ગુમાવશો. વડિલવર્ગ તરફથી લાભની શક્યતા નકારી શકાતી નથી. તમારું મહત્વપૂર્ણ આયોજન પૂર્ણ ન થાય.

તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ તમારા પાંચમા સ્થાને આવશે. સંતાન અંગેની તકલીફો રહે. સંતાન અંગેની આર્થિક જવાબદારી પૂર્ણ કરવામાં તકલીફો પડે. ધાર્મિક યાત્રા મુસાફરીના યોગ સારા બને. ધંધા-વ્યવસાયિક મુસાફરી પ્રગતિકારક નિવડે. કુટુંબવૃદ્ધિના યોગ બને. સટ્ટાકીય કે જોખમી કાર્યોમાં સંભાળવું. આર્થિક પરિવર્તનની અવનવી તકો આવે. નોકરિયાત વર્ગને બઢતી અંગેના ચાન્સ સારા મળે. લોભામણી યોજનાઓથી સંભાળવું. તમારો પુરુષાર્થ સાર્થક નિવડતો જણાય.

શનિ આખું વર્ષ તમારા છઠ્ઠા રોગ શત્રુસ્થાને રહે છે. જે મિશ્ર ફળદાયી બને. મોસાળ પક્ષ સંબંધી તકલીફો રહે. નોકરિયાત વર્ગને સહકાર્યકરો સાથે અણબનાવ રહે. ખાન-પાનની મર્યાદા ન જળવાય. મંદ પાચનશક્તિ સંબંધી તકલીફો રહે. ધીરધારનો ધંધો કરનારે સાવચેતી રાખવી ધીમી ગતિએ પ્રગતિ થાય. આર્થિક પ્રાપ્તિની તમારી ધારણા ખોટી પડતી જણાય. અંગત વ્યક્તિ દ્વારા વિશ્વાસઘાતના યોગ બને. પારકી ઉપાધિઓ પરેશાન કરે. આરોગ્ય બાબતે નકારાત્મક ફળ મેળવશો. આર્થિક વ્યવહાર કરકસરવાળો બને. સામાજિક જવાબદારી નિભાવી શકશો. આ સમયનો પુરુષાર્થ નવી પ્રેરણા અપાવશે. ભાઈ-ભાંડુ સાથે મતભેદો રહે. પડવા વાગવા જેવી શારીરિક તકલીફોથી સંભાળવું. તમારી વિચારસરણી સેવાભાવી બનતી જણાય. શરીર પ્રત્યેની બેદરકારી મોટી બિમારી લાવે.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારી રાશિમાં રહે છે. જે આંતરિક-માનસિક અશાંતિ વધારે. આર્થિક છેતરામણી થવાના યોગ બને. કૌટુંબિક મનદુઃખ તેમજ કુટુંબના સભ્યો સાથે ઘર્ષણ રહે. અણધારી અનેક મુશ્કેલીઓ આવે. તમે મનોમન 'સ્વ'ના વ્યક્તિતત્વને ખંડિત થતું જોશો. કુટુંબના સભ્યો સાથે મતભેદ રહે. અદૃશ્ય પ્રકારના વિરોધીઓનો તમારે સામનો કરવો પડે. આર્થિક બાબતે કોઈના પર મૂકેલ વિશ્વાસ વિશ્વાસઘાતમાં પરિણમે. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં સંભાળવું. વાણીની કઠોરતા ઘણા સંબંધો બગાડશે. સાહસિક કાર્યોથી સંભાળવું. ભાગ્યવૃદ્ધિને લગતા કાર્યોમાં અવરોધો વધુ રહે. મસ્તકપીડા તેમજ મગજ પર ગરમીની અસર વધુ રહે.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા સાતમે રહે છે. જેથી આંતરિક જીવનમાં અશાંતિ રહે. આંતરિક દામ્પત્યજીવનમાં ઉપાધિ આવે. ભાગીદારીના વ્યવસાયિકોને નાણાંકીય ખર્ચ વધુ રહે. ભાગીદારોમાં અંદરોઅંદર મનદુઃખના પ્રસંગો બને. શારીરિક તકલીફોથી સંભાળવું. ગુપ્તદર્દ તેમજ ગુપ્તાંગ સંબધી તકલીફોથી સંભાળવું. ભાગીદારીના વ્યવસાયિકોને ધન પ્રાપ્તિ માટેના પ્રયત્નો નિષ્ફળ જતાં જણાય. વધુ મહેનત-પરિશ્રમની જરૂર જણાય.

તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તારા બારમા વ્યયસ્થાને આવશે. જે આર્થિક-માનસિક-શારીરિક અનેક તકલીફોનો સામનો કરાવે. સટ્ટાકીય તેમજ જોખમીકાર્યો કરનારને આર્થિક નુકસાનના યોગ બને. સામાજિક મર્યાદા જાળવવી જરૂરી બને. કંઈક વધુ પામવાની લાલસામાં વધુ ગુમાવવાનો વખત આવે. કૌટુંબિક જવાબદારી પૂર્ણ ન કરી શકો. મોહમાયામાં તમે ફસાતા જશો. વધુને વધુ મેળવવાની લાલચ તમને નિષ્ફળતા અપાવે. વ્યવસાયિક કાર્યોમાં અપયશ મળે. અહીં તમે તમારા 'સ્વ'ના વ્યક્તિતત્વને ખંડિત થતું જોશો. નોકરિયાત વર્ગને ઉપરી વર્ગ તેમજ સહ કાર્યકરો સાથે અણબનાવ રહે. નેત્ર સંબંધી તકલીફોથી સંભાળવું.

તા. ૭-૩-૨૦૯થી કેતુ તમારા છઠ્ઠા રોગ-શત્રુ સ્થાને આવશે. જે શારીરિક તકલીફો વધારે, નોકરિયાત વર્ગને અનેક નાની-મોટી તકલીફોનો સામનો કરવો પડે. પડવા વાગવાથી સંભાળવું. ભાગ્યવૃદ્ધિની કોશિષમાં નાણા ગુમાવવાનો વખત આવે. મોસાળપક્ષમાં મનદુઃખના પ્રસંગો બને, નોકરિયાત વર્ગને અણધારી મુશ્કેલીઓનો સામનો કરવો પડે. આરોગ્ય સંબંધી તકલીફો પિત્ત વાયુને લગતી તકલીફોથી સંભાળવું.

સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક-માનસિક તેમજ કૌટુંબિક અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. કુટુંબના સભ્યો સાથે મનદુઃખના પ્રસંગો બને. વડિલવર્ગ સાથે નાની નાની વાતોમાં ઘર્ષણ રહે. સંતાનો સાથે વિચારોમાં અલગતા રહે. દામ્પત્યજીવન સંબંધી તકલીફો તેમજ મતભેદો રહે. વિવેક અને મર્યાદા જાળવવા જરુરી બને. અણગમતા વાતાવરણમાં તમે ઉગ્ર બનશો. કૌટુંબિક પ્રશ્નો તમારી પરેશાની વધારે પરિવારના સભ્યોમાં તમને સ્વાર્થના દર્શન થશે. શારીરિક તકલીફોથી સંભાળવું. પડવા વગવા તેમજ ગુપ્તદર્દ સંબંધી તકલીફોથી સંભાળવું.

વિદ્યાર્થીઓ માટે :

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. અનેક અવરોધો છતાં વિદ્યા પ્રાપ્તિમાં સફળતા સારી મળે. ડીગ્રી પ્રાપ્તિ માટે વધુ મહેનતની જરૂર જણાય. ઈતર પ્રવૃત્તિનો ત્યાગ કરશો તો અભ્યાસમાં સફળતા મેળવશો. પારિવારિક ખર્ચની જવાબદારી પૂરી કરવામાં તમે અભ્યાસથી વિમુખ થતાં જણાવ. બિનજરૂરી થાકથી દૂર રહેવું. ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવાની ઈચ્છા રાખનારની ઈચ્છા પૂર્ણ ન થાય. આત્મવિશ્વાસપૂર્વક લીધેલ નિર્ણય સફળતા અપાવે.

સિંહ : (મ.ટ.) :



વિ.સં. ૨૦૭૫ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા ચોથા સુખભાવે રહેતા તા. ૨૯-૩-૨૦૧૯થી તમારા પાંચમે આવશે. તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ પાછો તમારા ચોથા સુખ ભાવે આવશે. શનિ આખુ વર્ષ તમારા પાંચમા સ્થાને રહે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા બારમા વ્યયસ્થાને અને કેતુ છઠ્ઠા સ્થાને રહેતાં તા. ૭-૩-૨૦૧૯ થી રાહુ તમારા અગિયારમા લાભ ભાવે અને કેતુ તમારા પાંચમે રહે છે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા ચોથા સુખભાવે રહે છે. સ્થાન હાનિકર્તા હોવાથી સ્થાવરની વૃદ્ધિ થવા છતાં યોગ્ય લાભ ન થાય. દસ્તાવેજ સંબંધી કાર્યમાં સંભાળવું. સામાજિક પ્રગતિ સારી થાય. નોકરિયાત વર્ગને બઢતી અંગેના કાર્યો થાય. અહીં ટૂંકાગાળાની સફળતાના દર્શન કરવા છતાં લક્ષ્મી પ્રાપ્ત ન કરી શકો. અહીં 'સુખ' શબ્દના સંદર્ભમાં ઘણું બધું મળવા છતાં તમારી તે ભોગવવાની તૈયારી નહીં હોય. માતા તરફથી લાભ થાય. આ સમયનો પુરુષાર્થ તમને નવી પ્રેરણા અપાવશે. તમારા અહંકારમાં વધારો થાય. અહીં કરેલ પુરુષાર્થનું ફળ હકારાત્મક મેળવશો. વડિલવર્ગની તબિયતની કાળજી રાખવી. હાર્ટ કે ડાયાબિટીસની તકલીફવાળાએ સંભાળવુ. અંગત સંબંધોમાં છેતરામણી ન થાય તેની કાળજી રાખવી. પરિવારના સભ્યોની જવાબદારી તમારી ઉપર વધતી જણાય. સ્થાવર મિલ્કતની પ્રાપ્તિ સારી થાય.

તા. ૨૯-૩-૧૯થી ગુરૂ તમારા પાંચમે આવશે. અહીં તે સ્વગૃહી બને છે. સંતાનની પ્રગતિ થાય. ધાર્મિક યાત્રા પ્રવાસના યોગ સારા બને. ધંધા વ્યવસાયિક મુસાફરી પ્રગતિશીલ નિવડે. મહ્ત્વના કાર્યો માટેની સાનુકૂળ તક મળે. તા. ૨૨-૪-૨૦૧૯ સુધી શનિ કેતુ સાથે હોતાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. પેટ આંતરડા કે શસ્ત્રક્રિયા સંબંધી તકલીફોથી સંભાળવું. સટ્ટાકીય કાર્યોમાં સંભાળવું. અહીં કરેલ પુરુષાર્થનું યોગ્ય ફળ ન મેળવી શકો. નોકરિયાત વર્ગને પ્રગતિ અંગેના ચાન્સ સારા મળે. આર્થિક પરિવર્તનની અવનવી તકો આવે. લોભામણી યોજનાઓના ભોગ ન બનાય તેની કાળજી રાખવી. સંતાનોને અભ્યાસમાં ઉચ્ચ ડિગ્રીની પ્રાપ્તિ સારી થાય. બિનજરૂરી વાદવિવાદથી દૂર રહેવું. કુટુંબવૃદ્ધિના યોગ બને. તમારી સાહસિક વૃત્તિ વધે. કોઈના પરનો વધુ પડતો વિશ્વાસ તમારી મુશ્કેલી વધારે.

તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ પાછો તમારા ચોથા સુખભાવે આવશે. જે અનેક મુશ્કેલીઓ ઉભી કરે. સ્થાવર અંગેના કાર્યોમાં ધીરજ રાખવી. લખાણ કે દસ્તાવેજ સંબંધી કાર્યોમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. 'સુખ' શબ્દના સંદર્ભમાં ઘણું મેળવવા છતાં તમારી ભોગવવાની તૈયારી નહીં હોય. નોકરિયાત વર્ગને બઢતી અંગેના કાર્યોમાં ચાન્સ સારા મળે. સામાજિક કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. ધન વ્યયના યોગ વધુ બને. માતા તરફથી લાભ મળે. હાર્ટ કે બ્લડપ્રેશરની તકલીફવાળાએ સંભાળવું. ધાર્મિક કાર્યો પાછળ ધનવ્યય વધુ થાય.

શનિ આખુ વર્ષ તમારા પાંચમા સ્થાને રહે છે. જે આંતરિક શારીરિક તકલીફો રાખે. સંતાન સાથે વૈચારિક મતભેદો રહે. પેટ આંતરડા સંબંધી નાની મોટી તકલીફો રહે. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો શસ્ત્રક્રિયાના યોગ બને. કમિશન કે દલાલીને લગતા કાર્યોમાં સંભાળવું. સટ્ટાકીય કાર્યોમાં નાણાં ફસાઈ જવાના યોગ બને. અહીં કર્મની નિષ્ફળતા દ્વારા તમને જ્ઞાન થશે. સંજોગો સામે લડવાની શક્તિ ઓછી થતી જણાય. આર્થિક બાબતે તમે પાછા પડતા જણાવ. પાચન શક્તિ મંદ થતી જણાય. કુટુંબમાં તમારી ઈચ્છા વિરુદ્ધના કાર્ય થતાં જણાય. તમારામાં કુટુંબ પ્રત્યે નકારાત્મકતા જણાય. આંતરિક તેમજ સંતાન અંગેની નાની-મોટી તકલીફો રહે. સાહસિક કાર્યોમાં સફળતામાં વિલંબ થાય. તમે અનેક નવીન યોજનાઓ તરફ આકર્ષાઈને નાણાંકીય વ્યય કરશો.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા બારમા વ્યયસ્થાને રહે છે. જેથી આંતરિક-આર્થિક તેમજ માનસિક અશાંતિ રહે. આર્થિક નુકસાનના અનેક યોગો બને. ધાર્મિક આડંબરો પાછળ દ્રવ્ય ખર્ચ વધુ રહે. અહીં તમને તમારા વ્યકિતત્વમાં પડતી ગુપ્ત તિરાડના દર્શન થશે. ધન પ્રાપ્તિ માટેના અનેક પ્રયત્નો નિષ્ફળ નિવડતા જણાય. વધુને વધુ પામવાની ઘેલછામાં તમે ઘણું ગુમાવશો. સામાજિક મર્યાદા જાળવવી જરુરી બને. તમારા પોતાનાઓમાં તમને સ્વાર્થના દર્શન થશે. તમે જીવનની બાજી જીતવા અવનવા દાવ ખેલશો. અનેક સમસ્યાઓ તમારો પીછો કરતી જણાય. તમે તમારા 'સ્વ'ના વ્યક્તિતત્વને ખંડિત થતું જોશો.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા છઠ્ઠા રોગ શત્રુ સ્થાને આવશે. શારીરિક નાની-મોટી અનેક તકલીફો રહે. નાણાંકીય બાબતે તમે બીજાના ઋણી બનશો. નોકરિયાત વર્ગને ઉપરી વર્ગ અને સહકાર્યકરો સાથે અણબનાવ રહે. મહેનત-પરિશ્રમ છતાં સફળતા નહીંવત મળે. પેટ આંતરડા તેમજ પડવા વાગવા સંબંધી તકલીફોથી સંભાળવું. મોસાળ પક્ષમાં નોની-મોટી તકલીફો કે મનદુઃખના પ્રસંગો બને. માનહાનિના અનેક પ્રસંગો બને. નોકરિયાત વર્ગને નોકરી છૂટી જવાના યોગ બને.

તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા લાભભાવે આવશે. જે અનેક આર્થિક લાભદાયી યોજનાઓ દ્વારા લાભ અપાવે. આર્થિક પ્રગતિ વેગમય બને. નોકરી ધંધામાં વિકાસની તકો આવે. સંઘર્ષ અને અસ્થિરતા છતાં આર્થિક લાભ સારા મળે. અનેક અવનવા કાર્યો દ્વારા આર્થિક પ્રાપ્તિ સારી થાય. લાંબા સમયની સમસ્યાનું નિવારણ થાય. યાત્રા પ્રવાસનું આયોજન સફળ થતું જણાય. અયોગ્ય જગ્યાએ રોકાણ ન થઈ જાય તેની કાળજી રાખવી.

તા. ૭-૩-૨૦૧૯થી કેતુ તમારા પાંચમાસ્થાને આવશે. જે પેટ આંતરડા સંબંધી તકલીફ રાખે. સંતાન સાથે મનદુઃખના પ્રસંગો બને. સંતાન અંગેની નાની-મોટી તકલીફો રહે. ધન પ્રાપ્તિની આશામાં કરેલ કાર્ય નિરાશા અપાવે. તમારામાં સ્વાર્થવૃત્તિનો વધારો થાય. જેના કારણે મોટું નુકસાન ભોગવવું પડે. પેટ સંબંધી શસ્ત્રક્રિયાના યોગ બને.

સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. આંતરિક-કૌટુંબિક-આર્થિક તકલીફો રહે. આંતરિક દામ્પત્યજીવનમાં ખટરાગ રહે. સંતાન સાથે મતભેદો રહે. પેટ આંતરડાને લગતી મોટી તકલીફો આવે નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગથી હેરાનગતિ રહે. અનેક ઉતાર ચઢાવ રહે. તમે પારિવારિક નુકસાનના નિમિત્ત બનશો. લોભામણી યોજનાઓના ભોગ ન બનાય તેની કાળજી રાખવી તમારે પરીવારની જવાબદારી નિભાવવી પડે. વડીલ વર્ગની તબિયતની કાળજી રાખવી. વડિલોપાર્જિત સંપત્તિના પ્રશ્ને અવરોધો આવે. તમારા પુરુષાર્થનું યોગ્ય ફળ ન મળે. સાહસિક કાર્યોમાં સંભાળવું.

વિદ્યાર્થીઓ માટે :

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. વિદ્યા પ્રાપ્તિમાં અવરોધો આવે. સતત પુરુષાર્થ છતાં યોગ્ય ફળ ન મેળવી શકો. અભ્યાસ બાબતે તમે યોગ્ય નિર્ણય ન લેવાતા અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવાની તમારી ઈચ્છા પૂર્ણ ન થાય. ઈતરપ્રવૃત્તિ તેમજ ખોટા સાહસોથી દૂર રહેવું. શારીરિક તકલીફોથી હેરાન થાવ.

Happy Diwali
bv
bhagwati vastram
a complete outlet for everything, a women needs...
Designer Kurtis
Exclusive Dress Material
Ready-made Dresss
Perdumes
Purse & Accessories
Stitching Facility Available
105, Radhe Square, Reliance Cross Road, Kudasan, Gandhinagar. M.091-7048120005

સર્વે નગરજનોને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ સંચાલિત
પટેલ વાડી ગાંધીનગર
લગ્ન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે
શહેરની મધ્યમાં પથિકાશ્રમ બસ સ્ટેન્ડથી તદ્દન નજીક અદ્યતન સુવિધાઓ સાથે ૨૪ કલાક પાણી અને જી.એસ.પી.સી. ગેસ કનેકશન સાથેનું વિશાળ રસોડું, વોટર પ્યુરીફાઈડ માટે વોટર ફીલ્ટર સાથેનું વોટર કુલર અને ૨૦૦૦ માણસ જમી શકે તેવી સુવિધા સાથેનો ડાયનીંગ હોલ સાથેનો વિશાળ A/c લગ્ન હોલ.
પ્રવાસીઓ - મુલાકાતીઓ માટે
ગાંધીનગરમાં આવતા પ્રવાસીઓ-મુલાકાતીઓ અને શાળાના પ્રવાસના વિદ્યાર્થીઓને રહેવા માટેના સુવિધાયુક્ત અને સોલર હિટર સાથેના ગરમ પાણીની સગવડતાવાળા ટોયલેટ-એટેચ્ડ રૂમ્સ
સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓ માટે
ગાંધીનગરની ધાર્મિક, સામાજિક, સ્વૈચ્છિક સંસ્થાઓ માટે ધાર્મિક કાર્યક્રમ, કોન્ફરન્સ અને મિટિંગો માટે તદ્દન વ્યાજબી અને રાહતદરથી સુવિધાઓ ઉપલબ્ધ છે.
તેમજ સમાજના પરિસરમાં ધાર્મિક નગરજનો માટે પ્રાર્થના, પૂજન, શાંતિપાઠ વિ. માટે સદ્‌ગુરૂવર્ય પૂજ્ય શ્રી ભોજલરામ બાપા, જલારામ બાપા, વાલમરામ બાપા સાથે સાથે રાધાકૃષ્ણ, રામ દરબાર, શંકર-પાર્વતી, ગણેશજી અને હનુમાનજી મંદિર પણ બનાવવામાં આવેલ છે. તો ધાર્મિક ભાવનાવાળા નગરજનોને લાભ લેવા નમ્ર વિનંતી છે.
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ
શોપીંગ સેન્ટર પાસે અને પોલીસ સ્ટેશન સામે,
સેક્ટર-૭-સી, ગાંધીનગર-૩૮૨૦૦૭ ● ફોન : ૦૭૯-૨૩૨ ૩૦૭૧૨

સર્વે વિદ્યાર્થીગણ તથા વાલીમિત્રોને
નવા વર્ષની અંતઃકરણપૂર્વક હાર્દિક શુભેચ્છાઓ...
નવું વર્ષ આપ સૌના માટે આરોગ્યમય,
ઐશ્વર્યમય અને શુભવિચારોથી સમૃદ્ધ બને તેવી
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના...
શુભદિપાવલી
નૂતન વર્ષાભિનંદન
GPSC (1&2) | Dy.S.O. | નાયબ મામલતદાર | PSI | ASI | Constable
TET | TAT | HTAT | Clerk | તલાટી વગેરે સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે
વિવેકાનંદ એકેડમી
677, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.
M.99256 98721, 8490927713

37 વર્ષની પ્રતિષ્ઠા
નૂતન વર્ષાભિનંદન...
શ્રદ્ધા જ્વેલર્સ
શ્રદ્ધા ગોલ્ડ કલેકશન
HALLMARKED GOLD
GOLD YOU CAN TRUST
916 JEWELLERY
સોનાના (916-B.I.S.) દાગીના તથા શુદ્ધ ચાંદીના દાગીના તથા ચાંદીની તમામ પ્રકારની પ્રેઝન્ટેશન આઈટમ્સ તથા અમેરિકન ડાયમંડ જ્વેલરી મેળવવાનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ
બી/૧૪ ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, સેકટર-૨૧, ગાંધીનગર
ફોન નં. (દુ) ૨૩૨ ૨૧૦૫૧, ૨૩૨ ૪૬૩૭૦

અમારા ગ્રાહક મિત્રો, સ્નેહીજન અને શુભેચ્છકોને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન
મહેશભાઈ સી. બેંકર
Indane
ગ્રીન લેબલ ઈન્ડેન સગડી તથા સુરક્ષા રબર ક્યુબ મળશે
આશીર્વાદ ગેસ સર્વિસ
ઓફિસ-૧૫, વિજય શોપીંગ સેન્ટર, સેકટર-૧૧, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૩૭૯૯
ફોન : ૨૩૨ ૨૩૮૬૫


અમારી સેવામાં માત્ર શુભ ભાવના
અને ગ્રાહકોનું હિત જ હશે.
સામે આપની શુભેચ્છાઓ
અમારી સાથે છે ત્યારે સર્વે ગ્રાહકોને
નૂતન વર્ષના અભિનંદન પાઠવીએ છીએ...

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ દ્વારા સંચાલિત
ખાદી ગ્રામોદ્યોગ ભવન
પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬,
ફોન : ૨૩૨૨૨૩૩૩